ઈંગ્લેન્ડે ભારતને હરાવી શ્રેણી કબજે કરી

ઈંગ્લેન્ડે બનાવેલા 387 રનની સામે ભારતીય ટીમ 360 રન જ બનાવી શકી

બેન ડકેટે ફટકારી આક્રમક સદી, બેથેલ સાથે રેકોર્ડ 192 રનની ભાગીદારી કરી

લંડન, તા. 19 (પીટીઆઈ): લંડનમાં રમાયેલી ત્રીજી વન-ડે મેચમાં ઈંગ્લેન્ડે ભારતને 27 રનથી હરાવીને શ્રેણી 2-1થી પોતાના નામે કરી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 3 વિકેટે 387 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં ભારતીય ટીમ 7 વિકેટે 360 રન જ બનાવી શકી હતી, જેના કારણે રોહિત શર્માની સદી એળે ગઈ હતી.

ભારત તરફથી રોહિત શર્માએ 110 બોલમાં 17 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી 138 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. વિરાટ કોહલીએ 60 બોલમાં 74 રન તેમજ શુભમન ગીલે 84 બોલમાં 77 રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ તરફથી સેમ કરને 75 રન આપીને 4 વિકેટ ઝડપી હતી.

આ પહેલાં ઈંગ્લેન્ડ તરફથી ઓપનર બેન ડકેટે ભારતના બિનઅનુભવી બોલિંગ આક્રમણ સામે શાનદાર પ્રદર્શન કરતા 141 રનની ઈનિંગ રમી હતી.

ડકેટ અને જેકોબ બેથેલ વચ્ચે ઓપનિંગ વિકેટ માટે 192 રનની વિશાળ ભાગીદારી નોંધાઈ હતી, જેણે ઈંગ્લેન્ડ માટે મજબૂત પાયો નાખ્યો હતો.

ઈંગ્લેન્ડ	રન	બોલ	4	6
ડકેટ કો બો પ્રિન્સ	141	135	18	1
બેથેલ કો રોહિત બો પ્રસિદ્ધ	91	93	11	2
રૂટ અણનમ	74	48	9	0
બ્રુક કો કોહલી બો પ્રસિદ્ધ	14	12	0	0
બટલર અણનમ	41	13	4	3
વધારાના	26			
કુલ 50 ઓવરમાં 3 વિકેટે	387 રન			

વિકેટ પતન: 1-192, 2-293, 3-324

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	10	0	72	0
પ્રસિદ્ધ કૃષ્ણ	10	2	69	2
પ્રિન્સ યાદવ	10	0	79	1
ગુરનુર બરાર	10	0	97	0
અક્ષર પટેલ	10	0	61	0

ભારત	રન	બોલ	4	6
રોહિત બો બેથેલ	138	110	17	5
ગિલ એલબી બો રાશિદ	77	84	10	1
કોહલી કો બ્રુક બો કરેન	74	60	4	3
ઈશાન કો બો કરેન	14	12	1	0
ઐયર કો બો કરેન	0	3	0	0
રાહુલ બો આર્ચર	12	8	2	0
અક્ષર બો જેક્સ બો કરેન	2	3	0	0
ગુરનુર અણનમ	18	14	1	1
અર્શદીપ અણનમ	15	6	3	0
વધારાના	10			
કુલ 50 ઓવરમાં 7 વિકેટે	360 રન			

વિકેટ પતન: 1-147, 2-260, 3-304, 4-304, 5-315, 6-327, 7-329

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	10	0	63	1
ગસ એટકિન્સન	6	0	24	0
જોશ ટંગ	5	1	43	0
સેમ કરેન	10	0	75	4
આદિલ રશિદ	8	0	64	1
વિલ જેક્સ	4	0	38	0
જેકબ બેથેલ	7	0	49	1

વિરાટ-રોહિતની જોડીએ 400 મેચ પૂરી કરી

વિરાટ કોહલી અને રોહિત શર્માએ લંડનના લોર્ડ્સ મેદાન પર એક ઐતિહાસિક સિદ્ધિ પોતાના નામે કરી છે. બંને ખેલાડીઓએ ભારત માટે સાથે રમતા 400 આંતરરાષ્ટ્રીય મેચ પૂરી કરી લીધી છે. આ સાથે જ તેઓ ટીમ ઇન્ડિયા માટે સૌથી વધુ મેચ સાથે રમનારી નંબર-1 જોડી બની ગયા છે. આ મામલામાં વિરાટ અને રોહિતની જોડીએ સચિન તેંડુલકર અને રાહુલ દ્રવિડના 391 મેચના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. આ યાદીમાં હવે રાહુલ દ્રવિડ અને સૌરવ ગાંગુલી 369 મેચ સાથે ત્રીજા સ્થાને, જ્યારે સચિન તેંડુલકર અને અનિલ કુંબલે 367 મેચ સાથે ચોથા સ્થાને છે.

બેન ડકેટે લોર્ડ્સ પર બનાવ્યા સૌથી વધુ રન

» બેન ડકેટના 141 રન લોર્ડ્સના મેદાન પર સૌથી વધુ વ્યક્તિગત સ્કોર છે. લોર્ડ્સના મેદાન પર સૌથી મોટી વનડે ઇનિંગ્સ

લોર્ડ્સમાં સૌથી મોટી વનડે ઇનિંગ્સ

141 રન	બેન ડકેટ વિરુદ્ધ ભારત (2026)
138 રન	વિવ. રિચર્ડ્સ વિરુદ્ધ ઇંગ્લેન્ડ (1979 વર્લ્ડ કપ ફાઇનલ)
137 રન	ડેનિસ એમિસ વિરુદ્ધ ભારત (1975)
137 રન	માર્કસ ટ્રેસ્કોથિક વિરુદ્ધ પાકિસ્તાન (2001)
136 રન	ગ્રાહમ ગૂચ વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા (1989)

» ઇંગ્લેન્ડે બનાવેલો 387 રનનો સ્કોર લોર્ડ્સના મેદાન પર વનડે આંતરરાષ્ટ્રીયમાંમાં સૌથી મોટો સ્કોર છે, સાથે જ આ ઇંગ્લેન્ડનો પણ વનડે સૌથી મોટો સ્કોર છે.

» રોહિત શર્માએ લોર્ડ્સના મેદાન પર વનડેમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો છે, આ પહેલાં લોર્ડ્સમાં વનડેમાં કોઈ પણ ભારતીયના સૌથી વધુ રન સૌરવ ગાંગુલીના નામે હતા. જેણે 2004માં ઇંગ્લેન્ડ સામે 90 રન બનાવ્યા હતા.

» ફાસ્ટ બોલ ગુરનૂર બરારે 10 ઓવરમાં 97 રન આપ્યા હતા, આ સાથે તે વનડેમાં સૌથી વધુ રન આપનાર ત્રીજો ભારતીય બન્યો છે.

જાપાન ઓપન જીતનારી પહેલી ભારતીય બની સિંધુએ ઈતિહાસ રચ્યો

યામાગુચીને હરાવીને સિંધુએ 19 મહિનાનો ટાઇટલ દુષ્કાળ ખતમ કર્યો

સિંધુની કારકિર્દીનું પ્રથમ સુપર 750 ટાઇટલ

2019માં વર્લ્ડ ચેમ્પિયનશિપ બાદ આ તેનું સૌથી મોટું ટાઇટલ છે

ટોક્યો, તા. 19 (પીટીઆઈ): બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી વી સિંધુએ રવિવારે રમાયેલી જાપાન ઓપનની ફાઇનલમાં શાનદાર આક્રમક રમતનું પ્રદર્શન કરીને સ્થાનિક ફેવરિટ અકાને યામાગુચીને સીધા સેટોમાં હરાવી હતી.

સિંધુએ જાપાન ઓપનનું આ પ્રતિષ્ઠિત ટાઇટલ જીતીને પોતાનું પ્રથમ સુપર 750 ટાઇટલ પોતાના નામે કર્યું છે. 31 વર્ષની સિંધુ આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની છે. તેણે ત્રણ વખતની વર્લ્ડ ચેમ્પિયન યામાગુચી સામે 21-17, 21-17થી શાનદાર વિજય મેળવીને લગભગ 19 મહિનાથી ચાલી આવતો ટાઇટલનો દુષ્કાળ ખતમ કર્યો છે. મેચ પછી સિંધુએ જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચવું એક વાત છે, પરંતુ ગોલ્ડ મેડલ સાથે પોડિયમ પર ઊભા રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ જીતથી તેનો આત્મવિશ્વાસ વધશે. સિંધુએ છેલ્લે 2024માં સૈયદ મોદી ઇન્ટરનેશનલ ટાઇટલ જીત્યું હતું, જ્યારે 2019માં વર્લ્ડ ચેમ્પિયનશિપ બાદ આ તેની સૌથી મોટી જીત છે. બીજી તરફ, યામાગુચી જાપાન ઓપનની છઠ્ઠી ફાઇનલ રમી રહી હતી. સિંધુએ છેલ્લા ચાર વર્ષમાં યામાગુચી સામે પૂર્ણ થયેલી મેચમાં કોઈ જીત મેળવી નહોતી.

બુડાપેસ્ટ રેન્કિંગ સિરીઝમાં કાજલે ગોલ્ડ જીત્યો

બુડાપેસ્ટ, તા. 19 (પીટીઆઈ): વર્તમાન U-20 વર્લ્ડ ચેમ્પિયન કુસ્તીબાજ કાજલે બુડાપેસ્ટ રેન્કિંગ સિરીઝમાં શાનદાર પ્રદર્શન કરીને મહિલાઓની 76 કિલોગ્રામ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. ફાઇનલમાં અમેરિકાની ડાયમંડ પ્રીશિયસ ગિલફોર્ડ સામેની મેચ 3-3ની બરાબરી પર સમાપ્ત થઈ હતી, પરંતુ કાજલે ક્રાઇટેરિયાના આધારે વિજય મેળવીને ભારતને ટૂર્નામેન્ટનો ત્રીજો ગોલ્ડ અપાવ્યો હતો.

આ ઉપરાંત, ભારતે 53 કિલોગ્રામ અને 57 કિલોગ્રામ કેટેગરીમાં બે સિલ્વર મેડલ મેળવ્યા હતા. 53 કિલોગ્રામની ફાઇનલમાં અંતિમ પંઘાલને ઈજાના કારણે સ્વીડનની એમ્મા જોન્ના ડેનિસ માલમગ્રેન સામે મેચ છોડવી પડી હતી અને સિલ્વરથી સંતોષ માનવો પડ્યો હતો.

જ્યારે 57kgમાં નેહા શર્મા ચીનની કેક્સિન હોંગ સામે 0-4થી હારીને બીજા ક્રમે રહી હતી.

ફીફા ફાઈનલ: મણિપુર, મેઘાલય અને કેરળમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રજા

મોડી રાત્રે સ્પેન-આર્જેન્ટિના વચ્ચેની ફાઇનલ જોવા અને ઊંઘ પૂરી કરવા વિદ્યાર્થીઓની માગણી સ્વીકારાઈ

ઈમ્ફાલ-થિરૂવનંતપુરમ, તા. 19 (પીટીઆઈ): આર્જેન્ટિના અને સ્પેન વચ્ચે રમાનારી ફીફા વર્લ્ડકપ 2026ની મહાફાઈનલ મેચને લઈને દેશભરમાં ભારે ઉત્સાહ છે. ફુટબોલનો ક્રેઝ દરેક જગ્યાએ દેખાઈ રહ્યો છે ત્યારે મણિપુર અને કેરળ સરકારોએ સોમવારે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે કારણ કે ફાઈનલ મેચ ભારતીય સમય અનુસાર રવિવારની મધ્યરાત્રિએ 12:30 વાગ્યે શરૂ થવાની છે.

મણિપુરના રાજ્યપાલે બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, સીબીએસઈ અને તમામ યુનિવર્સિટીઓ સહિતની સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ આપ્યો છે, જેથી વિદ્યાર્થીઓ મેચનો આનંદ માણી શકે અને ત્યારબાદ પોતાની ઊંઘ પૂરી કરી શકે. ઉલ્લેખનીય છે કે મણિપુરમાં ફુટબોલ સૌથી લોકપ્રિય રમત છે અને અહીંથી કેટલાંક સારા ખેલાડીઓ પણ નીકળ્યા છે. મેઘાલય સરકારે પણ મોડી રાત્રે રમાનારી ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને સોમવારે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે. મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ વિદ્યાર્થીઓ અને ફૂટબોલ પ્રેમીઓને પ્રોત્સાહિત કરતા કહ્યું હતું, 'ફાઈનલ મેચનો ભરપૂર આનંદ માણો.' બીજી તરફ, કેરળમાં પણ શિક્ષણ મંત્રીએ સોશિયલ મીડિયા દ્વારા શાળાઓ, કોલેજો અને પ્રોફેશનલ સંસ્થાઓમાં રજાની જાહેરાત કરી છે. કેરળના મુખ્યમંત્રી વી ડી સતીશને જણાવ્યું હતું કે મેચ એક્સ્ટ્રા ટાઈમ કે પેનલ્ટી શૂટઆઉટ સુધી લંબાઈ શકે છે, જેથી મોડે સુધી જાગ્યા બાદ વિદ્યાર્થીઓને સવારે શાળાએ જવામાં મુશ્કેલી ન પડે તે માટે આ નિર્ણય લેવાયો છે. પૂર્વ શિક્ષણ મંત્રી વી શિવનકુટ્ટી અને અન્ય નેતાઓએ પણ આ રજા માટે અગાઉ વિનંતી કરી હતી.

સંગ્રામ સિંઘે સ્ટ્રાઈક એશિયા ચેમ્પિયનશિપ ટાઈટલ જીત્યું

કુઆલાલમ્પુર, તા. 19 (પીટીઆઈ): ભારતીય મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (એમએમએ) ફાઇટર સંગ્રામ સિંઘે રવિવારે કુઆલાલમ્પુર ખાતે રમાયેલી પ્રતિષ્ઠિત સ્ટ્રાઇક એશિયા ચેમ્પિયનશિપમાં ઇતિહાસ રચી દીધો છે. સંગ્રામ સિંઘે હાઈ-વોલ્ટેજ ભારત-પાકિસ્તાન મુકાબલામાં પાકિસ્તાનના મોહમ્મદ આબિદ અલીને મેચ શરૂ થયાની માત્ર 1 મિનિટ અને 20 સેકન્ડ (80 સેકન્ડ)ની અંદર જબરદસ્ત નોકઆઉટ કરીને આ ખિતાબ પોતાના નામે કર્યો હતો.

ખૂબ જ ઉત્તેજનાપૂર્ણ ગણાતી આ મેચમાં સંગ્રામે શરૂઆતની બેલ વાગતાની સાથે જ પોતાની અસાધારણ તાકાત, ચોકસાઈ અને સંયમનું પ્રદર્શન કરીને રમત પર સંપૂર્ણ દબદબો બનાવી લીધો હતો અને મેચનો ધમાકેદાર અંત આણ્યો હતો.

આ શાનદાર જીત સાથે સંગ્રામ સિંઘે પ્રોફેશનલ એમએમએમાં પોતાનો અજેય રેકોર્ડ જાળવી રાખ્યો છે અને પોતાના રમતગમતના કરિયરમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ ઉમેરી છે.

ફ્રાન્સને 6-4થી હરાવી ઈંગ્લેન્ડ ત્રીજા સ્થાને રહ્યું

ઈંગ્લેન્ડના બુકાયો સાકાની હેટ્રિક, એમબાપ્પેના બે ગોલ

ત્રીજા સ્થાન માટેની પહેલી વર્લ્ડકપ મેચ છે જેમાં કુલ 10 ગોલ નોંધાયા

મિયામી ગાર્ડન્સ, તા. 19 (એપી): ફીફા વર્લ્ડકપમાં ત્રીજા સ્થાન માટે રમાયેલી મેચમાં ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે એક અત્યંત રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો. બુકાયો સાકાની શાનદાર ત્રણ ગોલની હેટ્રિકની મદદથી ઈંગ્લેન્ડે ફ્રાન્સને 6-4થી હરાવીને ટૂર્નામેન્ટમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે.

આ મેચમાં ફ્રાન્સના સ્ટાર ખેલાડી કિલિયન એમબાપ્પેએ બીજા હાફમાં બે ગોલ કરીને વર્લ્ડકપના ઇતિહાસમાં સૌથી વધુ ગોલ કરવાનો નવો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. 1982 પછીની આ સૌથી વધુ સ્કોર ધરાવતી વર્લ્ડકપ મેચ સાબિત થઈ હતી, જેમાં કુલ 10 ગોલ નોંધાયા હતા.

ઈંગ્લેન્ડની ટીમે પ્રથમ હાફમાં જબરદસ્ત પ્રદર્શન કરીને 4-0ની મજબૂત લીડ મેળવી લીધી હતી. સાકાએ 37મી મિનિટે અને પ્રથમ હાફના ઈન્જરી ટાઈમમાં ગોલ કર્યા બાદ 87મી મિનિટે પેનલ્ટી દ્વારા પોતાની હેટ્રિક પૂરી કરી હતી. આ ઉપરાંત ઈંગ્લેન્ડ માટે ડેક્લાન રાઈસ, એઝરી કોન્સા અને જુડ બેલિંગહામે પણ ગોલ નોંધાવ્યા હતા. બેલિંગહામનો આ ટૂર્નામેન્ટમાં 7મો ગોલ હતો, જે કોઈપણ ઈંગ્લિશ ખેલાડી દ્વારા એક વર્લ્ડકપમાં સૌથી વધુ ગોલનો નવો રેકોર્ડ છે.

ઈંગ્લેન્ડના કોચ થોમસ ટુશેલે સેમિફાઈનલમાં આર્જેન્ટિના સામે મળેલી હાર બાદ આ જીતને ટીમ માટે એક મહત્વનું પગલું ગણાવ્યું હતું.

બીજી તરફ, ફ્રાન્સની ટીમે બીજા હાફમાં શાનદાર વાપસીનો પ્રયાસ કર્યો હતો. બ્રાડલી બારકોલા અને ઓસમાને ડેમ્બેલેના ગોલ તેમજ એમબાપ્પેના બે ગોલની મદદથી ફ્રાન્સે સ્કોર 4-3 સુધી પહોંચાડી દીધો હતો, પરંતુ તેઓ જીત મેળવી શક્યા નહોતા.

10 ગોલનું થ્રિલર

મિનિટ - ખેલાડીનું નામ (દેશ)	સ્કોર (ઈંગ્લેન્ડ-ફ્રાન્સ)
* 3જી મિનિટ - ડેક્લન રાઇસ (ઈંગ્લેન્ડ)	1-0
* 18મી મિનિટ - એજરી કોન્સા (ઈંગ્લેન્ડ)	2-0
* 37મી મિનિટ - બુકાયો સાકા (ઈંગ્લેન્ડ)	3-0
* પ્રથમ હાફનો ઇન્જરી ટાઇમ - બુકાયો સાકા (ઈંગ્લેન્ડ)	4-0
* 48મી મિનિટ - કિલિયન એમ્બાપે (ફ્રાન્સ)	4-1
* 54મી મિનિટ - બ્રેડલી બારકોલા (ફ્રાન્સ)	4-2
* 66 મિનિટમી - કિલિયન એમ્બાપે (ફ્રાન્સ)	4-3
* 87 મિનિટ - બુકાયો સાકા (ઈંગ્લેન્ડ)	5-3
* (બીજા હાફનો ઇન્જરી ટાઇમ) - ઓસ્માન ડેમ્બેલે (ફ્રાન્સ)	6-3
* 98 મિનિટ - જુડ બેલિંગહમ (ઈંગ્લેન્ડ)	6-4

44 વર્ષ બાદ વર્લ્ડકપની મેચમાં 10 ગોલ થયા

ઈંગ્લેન્ડ-ફ્રાન્સ વચ્ચેની આ મેચ વર્લ્ડકપમાં સૌથી વધુ ગોલના રેકોર્ડના મામલે સંયુક્ત રીતે પાંચમા સ્થાને છે. વર્લ્ડકપમાં સૌથી વધુ ગોલનો રેકોર્ડ 1954માં ઓસ્ટ્રિયા (7) અને સ્વિટ્ઝરલેન્ડ (5) વચ્ચેની ક્વાર્ટર ફાઈનલ મેચમાં બન્યો હતો જેમાં કુલ 12 ગોલ થયા હતા. છેલ્લે 10 કે તેનાથી વધુ ગોલ 1982માં હંગરી (10) અને અલ સાલવાડોર (1) વચ્ચેની મેચમાં 11 ગોલ થયા હતા, ત્યારબાદ ઈંગ્લેન્ડ-ફ્રાન્સ વચ્ચેની શનિવારે રમાયેલી મેચમાં 10 ગોલ થયા છે.

એમબાપ્પેએ મેસીને પછાડી વર્લ્ડકપ ઇતિહાસમાં સૌથી વધુ 22 ગોલ કર્યા

મિયામી ગાર્ડન્સ, તા. 19 (એપી): ફ્રાન્સના સ્ટાર ફૂટબોલર કિલિયન એમબાપ્પેએ ઈંગ્લેન્ડ સામેની મેચમાં બે ગોલ કરી વર્લ્ડકપના ઇતિહાસમાં સૌથી વધુ 22 ગોલ કરવાનો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. તેણે આર્જેન્ટિનાના લિયોનલ મેસીના 21 ગોલના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. એમબાપ્પેએ આ ટૂર્નામેન્ટમાં પોતાના 10 ગોલ પૂરા કર્યા છે, જે ગોલ્ડન બૂટની રેસમાં મેસી કરતાં 2 ગોલ વધુ છે. જો તે ફાઇનલ બાદ પણ આગળ રહેશે, તો તે બે વાર ગોલ્ડન બૂટ જીતનાર પ્રથમ ખેલાડી બનશે. એમબાપ્પે સિવાય ફ્રાન્સના માઇકલ ઓલિસેએ પણ આ ટૂર્નામેન્ટમાં 7 આસિસ્ટ કરીને 1970માં બ્રાઝિલના પેલેએ બનાવેલા 6 આસિસ્ટના વર્લ્ડકપ રેકોર્ડને તોડ્યો છે.

'ઝટિ' - ૬૫૮૦

			૩			૫		૭
૫						૯		
૯			૨	૫				
	૫		૭	૪	૮			
	૪	૬					૭	૫
૮		૭	૬	૩				૪
૪	૩	૫	૮	૭		૨	૯	
	૬	૯	૪	૧	૩		૫	
૭	૧			૯				૬

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૦૨૫૬-૨૬૬૭ ક્રીડાકિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

શક્તિદાયક યોગ

લાંબી માંદગી અથવા અમુક સારવાર પછી આવતી કમજોરી માટે આ યોગ ઉપયોગી છે. અશ્વગંધા 30g, આમળાં 20g, ગળો સત્વ 15g, શતાવરી 15g, લીંડી પેપર 10g, અને જેઠીમધ 10g લઇ બારીક ચૂર્ણ કરવું. એક ચમચી ચૂર્ણ રોજ સવારે પાણી અથવા દૂધ સાથે લેવું.

શબ્દગુંફન - ૭૨૪૪

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. મરણને જીતનારું (૪)
૬. આવ-જા (૬)
૯. પજવણી, હેરાનગતિ (૪)
૧૧. પર્વત (૨)
૧૨. દરજીનું એક ઓજાર (૩)
૧૫. ઉપવાસ કરવો (૪)
૧૭. ભૂલભરેલું (૩)
૧૮. 'સનમ તેરી...' (૩)
૨૦. ઉપકાર (૨)
૨૧. વાંદરું (૩)
૨૨. એક જાતનું કાપડ (૨)
૨૩. વિશ્વ, દુનિયા (૨)
૨૫. ઉપાય, ઈલાજ (૨)
૨૬. રાતે ચોકી માટે ફરવું તે (૨)
૨૭. સુરક્ષિત (૪)
૨૮. ભોળું, ઉદાર જીવનું (૨)
૨૯. એક નદી (૨)
૩૦. એક તેજાનો (૨)
૩૧. સ્નેહ, પ્રીત (૨)

ઊભી ચાવી
૧. કોમળ (૨)
૨. માતા, જનની (૩)
૩. રમતમાં આવતો વારો (૨)
૪. કંટાળેલું, ત્રાસેલું (૨)
૫. તંતુ, દોર (૨)
૬. ટોચ, છેડો (૨)
૭. વિનાનું, વગરનું (૩)
૮. ઉમ્મર (૨)
૯. દીવાની જ્યોત (૨)
૧૦. ચિંતન (૩)
૧૧. મીઠુ, લવણ (૩)
૧૨. સાંભળવાનો અવયવ (૨)
૧૩. માલિશ કરવું તે (૩)
૧૪. ખૂબ નજીકનું, આત્મીય (૪)
૧૫. મોજમજા (૬)
૧૬. મીણબત્તી, દીવો (૨)
૧૯. એક ને પા (૨)
૨૦. પર્ણ, પાંદડું (૨)
૨૨. આયુષ્ય (૪)
૨૩. લોકમત (૪)
૨૪. સોગન (૩)



૧૧૨૮ - ૨૬૬૭ ક્રીડાકિ

આજનું પંચાંગ

તા. 20/07/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અષાઢ
તિથિ: સુદ: સાતમ: 28:04, વિવસ્વત સપ્તમી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 29
યોગ : શિવ **કરણ:** ગર **નક્ષત્ર :** હસ્ત:19:10
રાશિ: કન્યા (પ.ઠ.ણ.)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 06:08 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21 **નવકારસી :** 06:56
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 10મો રોજ
મુસલમાન વર્ષ : 1448 સફર માસનો 05મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુકાળ: 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): નોકરી માટેના પ્રયત્નો સફળ થાય. માનસિક ત્રાસ રહે. નોકર-ચાકરથી સાવધાન, માતાના આરોગ્યની ચિંતા રહે.
વૃષભ (બ,વ,ઉ,): અચાનક આવક વધારવાની તક મળે. શેર-સટ્ટા લોટરીમાં લાભ થાય. સામાજિક કામથી શાંતિ મળે.
મિથુન (ક,છ,ઘ,): ઘરમાં સુખ સગવડ વધે. ધન પ્રાપ્તિ થાય. જમીન-મકાન-મિલકતને લગતાં કામ પાર પડે.
કર્ક (ડ,હ,): પાર્ટી-પિકનિકથી મનોરંજન મળે, વિદ્યાભ્યાસમાં સફળતાનો અનુભવ થાય. પ્રવાસના કામમાં લાભ થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): નાણાકીય બાબતે ચોક્કસ રહેવું કોઇની વાર્તાતો આવવું નહીં. ઘરમાં અશાંતિ પેદા થાય.
કન્યા (પ,ઠ,ણ,): નોકરીમાં સાવધાની રાખવી. કોઈ ભૂલ થવાની શક્યતા. લાગણી પર કાબૂ રાખવો. ઘરમાં તાલમેળ રહે.
તુલા (ર,ત,): કોઇ પણ સાથે વિવાદ કરવો નહીં. વિશ્વાસઘાતથી બચવું પ્રવાસમાં અશાંતિ પેદા થાય.
વૃશ્ચિક (ન,ય,): શેર, સટ્ટા, લોટરીથી લાભ થઇ શકે. મહત્ત્વનાં કામ પાર પડે. ઉચ્ચકક્ષાનાં મિત્રોનો સાથ મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): કામનો બોજ વધશે. સરકારી કામમાં સાવધાની રાખવી. મોજ-શોખના ધંધામાં આવક વધે.
મકર (ખ,જ,): વિદેશ પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. જીવનસાથીનો સાથ નોકરી-ધંધામાં મળે.
કુંભ (ગ,સ,શ,ષ,): અશાંતિજનક સમાચાર મળે. આરોગ્યના ખર્ચા વધે. અચાનક શુભ સમાચાર મળે.
મીન (દ,ચ,ઝ,થ,): ભાગીદારીની યોજના પાર પડે. ઘરમાં અવરજવર વધે. રોજના કામમાં મદદ મળે. આવક વધશે.

કોઈ પણ સાલમાં 20 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નોકરી-ધંધામાં ચડતી પડતી અને દોડ-ધામ -જવાબદારીઓ વધે. સાથે નવી તકો પણ ઊભી થાય. ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. સમાજમાં માન મળે. નવા સામાજિક સંબંધોથી મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમો પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે નવી ટેકનોલોજી શીખવા મળે.આરોગ્ય સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. નવા ઘર વાહન, મકાનની યોજના શરૂઆતમાં પૂર્ણ થાય. વિદેશમાં વિદ્યાભ્યાસનાં કામ થાય. વારસો, જાયદાદ, જમીનનાં કામ ધીમાં પડે. પ્રેમવિવાહની વાતમાં અવરોધ આવે. વડીલો-મિત્રોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ ધર્મકર્મ થાય. જૂન-જુલાઈ, સોમ, ગુરુવાર, 2, 11, 20, 29 તારીખે નવાં કામ કરવા, સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ કરતાં રહેવું. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધવાર 5, 8 તારીખે નવાં કામ ટાળવાં કાળો અને લીલો રંગ વાપરવો નહીં. ચંદ્રના ઉપાય કરતાં રહેવું.

F-1 રેસ: એન્ટોનેલીએ બેલ્જિયન ગ્રાં પ્રી જીતી

મર્સિડીઝના ડ્રાઇવરે સીઝનની છઠ્ઠી જીત મેળવી, ચેમ્પિયનશિપમાં પોતાની લીડ મજબૂત કરી

હેમિલ્ટન સાથે ટકરાયા બાદ રસેલ રેસમાંથી બહાર

બ્રસેલ્સ, તા. 19: મર્સિડીઝના કિમી એન્ટોનેલીએ બેલ્જિયન ગ્રાં પ્રીમાં શાનદાર વિજય મેળવીને ચેમ્પિયનશિપમાં પોતાની મજબૂત લીડ ફરી સ્થાપિત કરી દીધી છે, જે તેને છેલ્લી 3 રેસમાં ગુમાવી દીધી હતી. બીજી તરફ, તેના સાથી ખેલાડી જ્યોર્જ રસેલ રેસમાંથી બહાર થઈ ગયો હતો. ઇટાલિયન ડ્રાઇવર એન્ટોનેલીએ વર્ચ્યુઅલ સેફ્ટી કાર (VSC) સમયગાળા દરમિયાન ગુમાવેલું સ્થાન પાછું મેળવ્યું હતું અને ફેરારીના ચાર્લ્સ લેક્લર્કને પાછળ છોડીને આ સીઝનની 10 રેસમાં પોતાની 6ઠ્ઠી જીત નોંધાવી હતી.

પ્રથમ લેપમાં જ ફેરારીના લુઇસ હેમિલ્ટન સાથે થયેલી ટક્કરમાં રસેલ રેસમાંથી બહાર થઈ ગયો હતો, જેના કારણે તે ચેમ્પિયનશિપ સ્ટેન્ડિંગમાં એન્ટોનેલીથી 50 પોઇન્ટ પાછળ ત્રીજા સ્થાને ધકેલાઈ ગયો છે. હેમિલ્ટન ચોથા સ્થાને